# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-03-2026** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1. **ગાંધીનગર ખાતે 'ગુજરાત સેમિકનેક્ટ કોન્ફરન્સ ૨૦૨૬'નો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રીએ ગુજરાત ભારતનું 'ગેટવે ટુ સિલિકોન બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો..**
2. **ગુજરાત સેમી કનેકટ કૉન્ફરન્સ ૨૦૨૬ અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા સાયન્સ, ટેકનોલોજી અને ઇનોવેશન STI નીતિ ૨૦૨૬-૨૦૩૧નું અનાવરણ કરાયું**
3. **'અમૃત સ્ટેશન યોજના' અંતર્ગત રાજ્યના પસંદ થયેલા કુલ ૮૭માંથી ૨૧ સ્ટેશનોનું કામ પૂર્ણ..અન્યનું કામ પૂરજોશમાં હોવાનું જણાવતા કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ**
4. **સેંકડો કૃષ્ણભક્તોની ઉપસ્થિતીમાં પ્રસિધ્ધ યાત્રાધામ દ્વારકા અને ડાકોરમાં રંગોત્સવની ઉજવણીનો આરંભ..**
5. **ટી-20 ક્રિકેટ વર્લ્ડકપની સેમિફાઇનલમાં સ્થાન બનાવવા કોલકત્તામાં રસાકસીભર્યા મૂકાબલામાં ભારતે ટોસ જીતીને વેસ્ટ ઇન્ડિંઝને બેટિંગ સોંપી**

-----------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# SEMI CONDUCTOR CONFERENCE

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત સેમી કનેક્ટ કોન્ફરન્સ 2026નો ગાંધીનગરમાં પ્રારંભ કરાવતા જણાવ્યું કે, ગુજરાત ભારતનું ગેટવે ટુ સિલિકોન બનશે: કોન્ફરન્સનો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, ગુજરાત પોલીસી સ્ટેબિલિટી, ટ્રાન્સપરન્સી, ઇઝ ઓફ ડુઈંગ બિઝનેસ તથા ડેવલપમેન્ટ માટેની પોલિટીકલ વિલ સાથે સેમિકન્ડક્ટર અને ચિપ મેન્યુફેક્ચરિંગમાં ફાસ્ટ મૂવર બની રહ્યું છે.

**(બાઇટ- મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ)**

આ પ્રસંગે કેન્દ્રીય ઇલેક્ટ્રોનિકસ અને આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, ભારતની સેમિકન્ડક્ટર સફરમાં ગઈકાલનો દિવસ ઐતિહાસિક રહ્યો છે.

**(બાઇટ- અશ્વિની વૈષ્ણવ, કેન્દ્રીય મંત્રી)**

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું ગુજરાત સરકાર હંમેશા રોકાણકારોની નાની-નાની સમસ્યાઓ સાંભળીને તેને ઉકેલવાની ભાવના સાથે કામ કરે છે. આ પ્રસંગે સાયન્સ અને ટેકનોલોજી મંત્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, ગુજરાત હવે સેમિકન્ડક્ટર ઇકોસિસ્ટમનું એક મજબૂત કેન્દ્ર બની ગયું છે.

----------

Desk-Harshal Padnya, Sameer

# STI POLICY

ગાંધીનગર ખાતે મહાત્મા મંદિરમાં યોજાયેલી ગુજરાત સેમિકનેકટ કોન્ફરન્સ 2026 દરમિયાન મુખ્યમંત્રીએ ગુજરાત રાજ્યની સાયન્સ, ટેકનોલોજી અને ઇનોવેશન (STI) નીતિ ૨૦૨૬-૨૦૩૧ જાહેર કરી છે.

આ નીતિમાં 1000કરોડ રૂપિયાનો “સ્વદેશી અનુસંધાન ફડ" આ ફૂડ દ્વારા કૃત્રિમ બુદ્ધિમત્તા (AI) સેમિકન્ડક્ટર, કવાટમ ટેકક્નોલોજી, બાયોટેકક્નોલોજી,ગ્રીન એનર્જી, ડિફેન્સ ટેકક્નોલોજી, ઇમર્સિવ ટેક્નોલોજી અને અંતરિક્ષ જેવા મહત્વના ક્ષેત્રોમાં સંશોધનને પ્રોત્સાહન મળશે.

રાજ્યમાં ગુજરાત રાજ્ય સંશોધન અને નવીનતા ક્લસ્ટર બનાવવામાં આવશે. અદ્યતન લેબ, ટેસ્ટિંગ સુવિધા અને ઉદ્યોગ તથા શૈક્ષણિક સંસ્થાઓ વચ્ચે સહકાર વધારવા માટે ઇનોવેશન અને R&D હબ્સ ઉભા કરાશે. રાજ્યમાં 2030 સુધી 1 લાખ કુશળ સંશોધકો તૈયાર કરવાનો સંકલ્પ છે. દર વર્ષે ફેલોશિપ આપવામાં આવશે. "વુમન ઇન ઇનોવેશન" ફેલોશિપ, એકીકૃત ગુજરાત H&D પોર્ટલ અને રાજ્યવ્યાપી STEM પ્રવૃત્તિઓ દ્વારા યુવાનોને સંશોધન તરફ પ્રોત્સાહિત કરવામાં આવશે.

----------

PTC GANDHINAGAR-Harshal Padnya, Sameer

# CM ONE TO ONE

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે  બે દિવસીય ‘ગુજરાત સેમિકનેક્ટ કોન્ફરન્સ ૨૦૨૬’નો પ્રારંભ ગાંધીનગરમાં કરાવ્યો હતો. હાઇ-ટેક ચિપ નિર્માતાઓ અને સ્થાનિક ઉદ્યોગ વચ્ચે વ્યૂહાત્મક સહયોગને પ્રોત્સાહન આપવા "ગુજરાત – ઈન્ડિયાઝ ગેટવે ટુ સિલિકોન" થીમ સાથે રાજ્ય સરકારના સાયન્સ અને ટેકનોલોજી વિભાગના ઉપક્રમે યોજાયેલી, આ કોન્ફરન્સમાં સહભાગી થવા આવેલા વિવિધ ઉદ્યોગ અગ્રણીઓની મુખ્યમંત્રી સાથે યોજાયેલી વન ટુ વન બેઠકમાં તેમણે સેમિકોન સેક્ટરમાં R&D સેન્ટર, મેમરી મોડ્યુલ ફેસેલિટી, પાવરચિપ ઉત્પાદન અને સ્પેશિયાલિટી કેમિકલ ફેસેલિટીઝ શરૂ કરવા માટેના ફળદાયી ચર્ચા-પરામર્શ કર્યા હતા.

----------

અખબારી યાદી -Harshal Padnya, Sameer

# VAISHNAV RAILWAY

ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે ગુજરાત સેમીકનેક્ટ કોન્ફરેન્સ ૨૦૨૬ના શુભારંભ બાદ કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે પત્રકારોને વિગતો આપતા જણાવ્યું હતું કે, રાજ્યના કુલ ૮૭ સ્ટેશનોને 'અમૃત સ્ટેશન યોજના' અંતર્ગત વિશ્વ સ્તરીય બનાવવા માટે પસંદ કરવામાં આવ્યા છે. જેમાંથી ૨૧ સ્ટેશનોનું કામ અત્યાર સુધીમાં પૂર્ણ કરી દેવામાં આવ્યું છે. તેમણે કહ્યું હતું કે વર્ષ ૨૦૦૯ થી ૨૦૧૪ના યુપીએના શાસન દરમિયાન ગુજરાતને રેલવે બજેટમાં માત્ર ૫૮૯ કરોડ રૂપિયા ફાળવવામાં આવતા હતા. તેની સરખામણીએ, વર્તમાન સરકારે આ વર્ષે ગુજરાત માટે રૂ.૧૭,૩૬૬ કરોડનું રેકોર્ડબ્રેક બજેટ ફાળવ્યું છે.

**(બાઇટ- અશ્વિની વૈષ્ણવ, કેન્દ્રીય મંત્રી)**

----------

APARNA KHUNT-Harshal Padnya, Sameer

## ASHWINI VAISHNAV

કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે અમદાવાદ- ધોલેરા સેમી હાઇસ્પિડ રેલવે કનેક્ટિવિટી પ્રોજેક્ટ અંતર્ગત સરખેજ-ધોલેરા ડબલિંગની સાથે નેશનલ મેરીટાઇમ હેરિટેજ કમ્પ્લેક્સ (NMHC) અને ધોલેરા એરપોર્ટ વચ્ચે SPUR લાઇન (134 ચોરસ) ના કાર્યોની પ્રગતિની સમીક્ષાકરી હતી.. આ યોજના સમગ્ર દેશમાં સેમી હાઇ સ્પીડ રેલ્વે એક પ્રોટોટાઇપ તરીકે વિકસિત થાય છે તે ઉપરાંત તે અમદાવાદ અને ધોલેરા સ્પેશલ ઇન્વેસ્ટમેન્ટ રીજન સાથે જોડે છે.

----------

-અખબારી યાદી – હર્ષલ પંડ્યા, વૈદેહી

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

DESK

# C.R PATIL

કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર. પાટીલે ગણદેવી તાલુકાના મેંધર તથા ચીખલી તાલુકાના તલાવચોરા ગામના ફ્લડ વોટર ડ્રેઇન કામોની સ્થળ મુલાકાત લઈ સમીક્ષા કરી.

મંત્રીશ્રી પાટીલે કાંસ સફાઈ, વરસાદી પાણીના વ્યવસ્થાપન તથા જળ સંચયના કામોની પ્રગતિ અંગે અધિકારીઓ પાસેથી માહિતી મેળવી સૂચનો આપ્યા હતા. ખાસ કરીને ચોમાસા દરમિયાન પાણી ભરાવાની સમસ્યા ન સર્જાય તે માટેના આયોજન પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું કે, વરસાદી પાણીને ખેતરમાં જ સંગ્રહિત કરવામાં આવશે તો ભવિષ્યમાં સિંચાઈ માટે મીઠું પાણી ઉપલબ્ધ રહેશે અને ભૂગર્ભજળનું સ્તર પણ સુધરશે.

----------

પીટીસી નવસારી હિના, Sameer

# DAKOR

આવતીકાલે ફાગણી પૂનમ અને હોળીનો તહેવાર ભક્તો દ્વારા ધામ ધૂમથી ઉજવાશે ત્યારે રાજ્યના અનેક કૃષ્ણ મંદિરોમાં ફૂલડોલોત્સવની ભવ્ય ઉજવણી શરૂ થઈ છે. દ્વારકાધીશ મંદિર ભક્તિ અને રંગોથી રંગાયું, મોટી સંખ્યામાં ભક્તો ભગવાન સાથે રંગે રંગાયા, મંદિર પરિસરમાં ભજન-કીર્તન સાથે ઉત્સવી માહોલ, ગુલાલ અને ફૂલોથી અનોખો રંગોત્સવ ઉજવાઇ રહ્યો છે. દેશ-વિદેશથી શ્રદ્ધાળુઓ દ્વારકા પહોંચ્યા છે. તો ડાકોરમાં ભાવિક ભક્તો લાખોની સંખ્યામાં પગપાળા આવીને ફગોત્સવ નો લાભ લઈ રહ્યા છે. ભારતીય સંસ્કૃતિ નુ સ્મરણ કરાવતી ગરબી તેમજ અનેક નૃત્યના તાલે ડાકોરનુ વાતાવરણ ભક્તિમય બની ગયું છે.

----------

પીટીસી ખેડા હિના, Sameer

# ICC -T-20 WORLD CUP

ICC પુરુષ ટવેન્ટી ટવેન્ટી વર્લ્ડ કપ ક્રિકેટમાં, અત્યારે ભારત અને વેસ્ટઇન્ડિઝ વચ્ચે કોલકતાના ઇડન ગાર્ડનમાં મેચ શરૂ થઈ છે. ભારતે ટોસ જીતી બોલિંગ પસંદ કરી છે. હમણાં મળતા અહેવાલ મુજબ વેસ્ટેઇન્ડીઝે ત્રણ ઓવરમાં વિના વિકેટે 23 રન કર્યા છે .

આજે બપોરે નવી દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં દક્ષિણ આફ્રિકાએ ઝીમ્બાબ્વેને પાંચ વિકેટે હરાવ્યું છે.

----------

-, વૈદેહી

# HELPLINE NUMBER

ઈરાન વિરુદ્ધ ઈઝરાયલ અને અમેરિકાના યુદ્ધના કારણે અનેક ગુજરાતીઓ ઈરાન અને ઈઝરાયલ ઉપરાંત અબુધાબી, દુબઈ, બહેરીન, કતાર અને અન્ય ગલ્ફ દેશોમાં ફસાયા છે. ત્યારે  રાજ્યસભા સાંસદ મયંક નાયક દ્વારા યુદ્ધની સ્થિતિમાં ગલ્ફદેશમાં ફસાયેલા ગુજરાતીઓ માટે હેલ્પ નંબર જાહેર કરાયો છે. 9824633244 નંબર ઉપર પ્રવાસી સંબંધિત વિગત મોકલવા તેમણે અપીલ કરી છે..

બીજી તરફ ભારત સરકાર અને રાજ્ય સરકારે યુધ્ધગ્રસ્ત ખાડીદેશોમાં ફસાયેલા ગુજરાતના નાગરિકોને સલામત રીતે પરત લાવવા વ્યવસ્થા કરવા સાંસદ શક્તિસિંહ ગોહિલે સરકારને અપીલ કરી છે.

----------

પીટીસી- મહેસાણા ,અખબારી યાદી – હર્ષલ પંડ્યા Sameer

# DANG SANSAD

હાલમાં પ્રવર્તી રહેલી આંતરરાષ્ટ્રીય તણાવપૂર્ણ સ્થિતિના લીધે હવાઈ મુસાફરીની ઊભી થયેલી કટોકટીના કારણે ડાંગ, વલસાડ, નવસારી જિલ્લાના અનેક યાત્રીઓ ગલ્ફ દેશોમાં અટવાયા છે.

ત્યારે વલસાડ-ડાંગના સાંસદ ધવલ પટેલના કાર્યાલય દ્વારા કેન્દ્ર તથા રાજ્ય સરકારની પણ મદદ સાથે સુચારુ સંકલન માટેના પ્રયાસો થઈ રહ્યા છે.

જેથી ડાંગ, વલસાડ, નવસારી જિલ્લાના કોઈ પણ પ્રવાસીને મદદ કે સેવાની જરૂર હોય તો તેમના પરિવારજનને વિગતો મોકલી આપવા વિનંતી કરાઈ છે.

----------

પીટીસી ડાંગ હિના, Sameer

# Buying at support price

સુરેન્દ્રનગરના લખતર એપીએમસી ખાતે ટેકાના ભાવે તુવેરની ખરીદીનો પ્રારંભ કરવામાં આવ્યો છે, સરકાર દ્વારા નિર્ધારિત ગુજ એગ્રો ફ્રેશ કોન્સોટીયમ પ્રોડ્યુસર કંપની લીમિટેડ એજન્સી દ્વારા ૧૬૦૦ રૂપિયા પ્રતિમણ રાખવામા આવ્યા છે. લખતર તાલુકાના ૧૦૫૮ જેટલાં ખેડૂતોએ નોંધણી કરાવી છે. લખતર એપીએમસી ખાતે ,આગેવાનો, હોદેદારો સહિત મોટી સંખ્યામાં ખેડૂતો હાજર રહ્યા હતા.

----------

પીટીસી સુરેન્દ્રનગર હિના, Sameer